GJBN160000232008

Presented on : 11-04-2008

Registered on : 11-04-2008

Decided on : 21-01-2025

Duration : 16 years, 9 months, 10 days

**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,**

**Presided Over by N.A.Brahmbhatt**

રેફરન્સ(એલ.સી.બી.) કેસ નં. ૩૮/૨૦૦૮

આંક : ૨૭

ધીરૂભાઈ કરશનભાઈ સોલંકી,
ઠે.માલપરા, તા.પાલીતાણા,
જી.ભાવનગર. ...અરજદાર/બીજા પક્ષકાર

**વિરૂઘ્ધ**

(૧) કાર્યપાલક ઈજનેર સાહેબશ્રી,
ઠે.કાર્યપાલક ઈજનેર સાહેબની કચેરી,
માર્ગ–મકાન વિભાગ, પાનવાડી,ભાવનગર.

(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી કચેરી,
માર્ગ–મકાન પેટા વિભાગ,ટાઉન પોલીસ સ્ટેશન,
પાલીતાણા, જી.ભાવનગર. ...સામાવાળા/પ્રથમ પક્ષકાર

અરજદાર તરફે :– પ્રતિનિધીશ્રી વી.જી.સંઘવી
સામાવાળા તરફે :– અધિક જીલ્લા સરકારી વ.શ્રી જી.પી.જાડેજા

---

**--::એ વો ર્ડ ::--**

(૧) મદદનીશ શ્રમ આયુક્તશ્રી, ભાવનગરે તેમનાં હુકમ ક્રમાંક: કે.એચ./૨૩૭૬/ એસ.એચ.એમ.સી./એ.જે.બી/બી.એચ.એ./આઈ.ડી.આર. કેસ નં. ૧૫/૨૦૦૮ તા.૮/૪/૨૦૦૮ થી પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ ન્યાયીક નિર્ણય અર્થે ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ : ૧૦(૧) હેઠળ શ્રમ અદાલત, ભાવનગરને સુપ્રત કરેલ છે.

રેફરન્સની અનુસુચિ

**" શ્રી ધીરૂભાઈ કરશનભાઈ સોલંકી, માલપરા, તા.પાલીતાણા, જી.ભાવનગરને નોકરીમાંથી છુટા કર્યા તા. ૧/૯/૨૦૦૭ થી પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?"**

(૨) સમજવામાં સરળતા રહે તે હેતુથી આ એવોર્ડમાં હવે પછી પ્રથમ પક્ષકાર/ સંસ્થાને સામાવાળા તરીકે અને બીજા પક્ષકાર / શ્રમયોગીને અરજદાર તરીકે સંબોધવામાં આવેલ છે.

(૩) પક્ષકારોને રેફરન્સ કેસની નોટીસ બજવણી થઇ ગયા બાદ અરજદાર તરફે આંક – ૪ ની અરજદારનું માંગણીનું નિવેદન રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે.અમો અરજદાર સામાવાળાની સંસ્થામાં ૧૯૯૯ ની સાલથી ડ્રાઈવર તરીકેની એક ધારી કોઇ જ કસુર વગર ફરજ બજાવતા હતા. અમો અરજદારને માસીક પગાર રૂા.૨૦૦૦/– નો પગાર છેલ્લે ચુકવવામાં આવતો હતો. અમો

સામાવાળાને ત્યાં વફાદારીથી ફરજ બજાવતા હતા. તથા ફરજ દરમ્યાન કોઇ પણ પ્રકારની કસુર કરવામાં આવેલ ન હતી.અરજદાર સંપુર્ણ વફાદારીથી સંતોષકારક રીતે સામાવાળાએ સોંપેલ ફરજ બજાવતા હોવા છતાં સામાવાળાએ અમોને તા. ૧/૯/૨૦૦૭ ના રોજથી કોઇપણ જાતના કારણ વગર અમો અરજદાર ઉપર કિન્નાખોરી રાખી અનફેર લેબર પ્રેક્ટીસ આચરી મૌખિક હુકમથી છુટા કરેલ આથી અમો અરજદારે સામાવાળને તા.૨૩/૧૦/૨૦૦૭ ના રોજથી રજી.એ.ડી. થી પત્ર દ્વારા ડિમાન્ડ નોટીસ મોકલેલ. તેમ છતાં અમો અરજદારને માંગણી મુજબ પુનઃસ્થાપિત નહી કરાતા પડેલા રોજનો પગાર સામાવાળા નહી ચુકવતા અને સંળગ નોકરી નહી ગણી આપતા હોવાથી અમો અરજદારે આ બાબતે માનનીય મજુર કમિશ્નર સાહેબશ્રી ભાવનગરને લેખિત ફરિયાદ રજુ કરેલ. ત્યારબાદ માનનીય મજુર કમિશ્નર સાહેબશ્રી તરફથી બંને પક્ષકારોને રૂબરૂ બોલાવવામાં આવેલ. જે સમયે પણ સામાવાળા સળંગ નોકરી ગણી પડેલા તમામ રોજનો પગાર ચુકવી મુળ જગ્યા ઉપર પુનઃસ્થાપિત કરવા સંમત ન થતા માનનીય મદદનીશ મજુર કમિશ્નર સાહેબશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. અરજદારને સામાવાળાએ તા. ૧/૯/૨૦૦૭ના રોજથી કોઇ જ જાતના કારણ વગર એકાએક મૌખિક હુકમથી છુટા કરેલ છે. અમો અરજદારને છુટા કર્યા તે સમયે કોઇ મજુર કાયદાની જોગવાઇઓ મુજબ ચુકવવું પડતું વળતર , નોટીસ કે નોટીસ પગાર કે કોઇ જાતના હક્ક હિસ્સા સામાવાળાએ ચુકવેલ નથી. અમો અરજદારને સામાવાળાએ ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ મોર્ડન સ્ટેન્ડીંગ ઓર્ડર્સ વગેરે મજુર કાયદાઓને જોગવાઇઓને ધ્યાનમાં રાખ્યા સિવાય ફક્ત કિન્નાખોરી રાખી નોકરીના કાયદેસરના હક્ક રીત હિસ્સા નહી ચુકવવાના એકમાત્ર ખરાબ આશયથી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ ની કલમ

૨૫(એફ)(જી)(એચ) ની જોગવાઈઓને ખુલ્લે આમ ભંગ કરી સામાવાળાએ કાયદો હાથમાં લઈ અમારા કરતા જુનિયર માણસોને કામે રાખી અમારી જગ્યાએ નવા માણસોની નીમણુંક કરેલ છે. જે સામાવાળાનું પગલું ગેરકાયદેસર, ગેરબંધારણીય, હકુમત વગરનું રદ બાતલ છે. તથા અમો અરજદારની સાથે અન્ય કામદારને છુટા કરવામાં આવેલ હતા તેમની સાથે આ કામના સામાવાળાએ સમાધાન કરીને નોકરીમાં લઈ લેવામાં આવેલ છે. જયારે અમો અરજદારને નોકરીમાં લઈ લેવામાં આવેલ નથી. સામાવાળાએ અમો અરજદાર મૌખિક હુકમથી અનફેર લેબર પ્રેક્ટીસ આચરી છુટા કરેલ છે. અમો અરજદાર છુટા કર્યા તે સમયે તેમજ હાલમાં પણ અમારાથી જુનિયર અન્ય કામદાર ફરજ ઉપર ચાલુ હતા અને હાલમાં પણ ચાલુ છે.અમો અરજદારને છુટા કરેલ છે. સામાવાળા અમો અરજદાર પાસે નિયત કરતા વધારે સમય કામ કરાવતા તેનો ઓવરટાઈમનો પગાર ચુકવેલ નથી. જે બાબતે તેમના નોકરીના અન્ય લાભો,હક્ક રજા, બોનસ વગેરે ચુકવેલ નથી. તે પરત્વેની કાયદેસરની કાર્યવાહી કરવાનો અમારો હક્ક અબાધીત રાખીએ છીએ. સામાવાળાને નોકરી ઉપર ચડાવી દેવા એપ્રોચ લેટર આપેલ છે. તથા તેનો કોઈ જવાબ આપેલ નથી. ઉડાઉ હડહડતદ જુઠો, કિન્નાખોરી વાળો જવાબ મોકલેલ છે. જેમાંથી કોઈ જ હકીકત ખરી નથી. કબુલ કરતા નથી.સામાવાળાએ અમોને બેકારીના ખપ્પરમાં હોમી દીધા બાદ હાલ તદ્દન બેકાર છીએ.આવકનું કોઈ સાધન નથી. કોઈ કામ ઉપર રાખતું નથી. અમો અરજદાર સમાધાન કરીને નોકરી પર ચડવા તૈયાર છીએ. અરજદારે એવી દાદ માંગેલ છે કે, સામાવાળાએ મૌખિક હુકમથી અમો અરજદારને છુટા કરવાનું પગલું ગેરધારાસરનું ઠરાવી આપી સામાવાળા અમો અરજદારની નોકરી સળંગ ગણી આપી અમોને અમારી મુળ જગ્યાએ

પુનઃસ્થાપિત કરી આપે.અરજદારે સામાવાળાએ છુટા કર્યા તારીખથી ફરી નોકરીમાં પુનઃસ્થાપિત કરે નહી ત્યાં સુધીનો પડેલ તમામ પગાર તથા અન્ય લાભો સામાવાળા ભરપાઇ કરી આપે તેવું ઠરાવી આપવા અરજ છે. આ અરજીના કારણે અમો અરજદારને થયેલ તમામ ખર્ચ અને ખાસ વળતર પુરેપુરૂ જે આપ નામદાર સાહેબને અપાવવા વ્યાજબી અને યોગ્ય જણાય તે અપાવવા નામદાર કોર્ટને અરજ કરેલ છે.

(૪) સદર કામે સામાવાળા તરફે આંક – ૮ થી માંગણી નિવેદનનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર અમોને ત્યાં ૧૯૯૯ થી માસિક ૨૦૦૦ ના પગારથી ડ્રાઈવર તરીકેની ફરજ બજાવતા હતા તે હકીકત ખરી નથી. આ બધી બાબત અરજદારે સાબિત કરવાની છે. અરજદાર અમારે ત્યાં વફાદારી પૂર્વ ફરજ બજાવતા હતા અને તા. ૧/૯/૨૦૦૭ થી કિન્નાખોરી રાખી અનફેર લેબર પ્રેક્ટીસ આચરી મૌખિક હુકમથી છુટા કરી દીધા હોવાની કોઇ વિગત ખરી નથી. અરજદારે રજી.એ.ડી. થી તા. ૨૩/૧૦/૨૦૦૭ ના રોજ ડિમાન્ડ નોટીસ મોકલેલ વિગેરે બાબત અરજદારે સાબિત કરવાની છે. બાકીની કોઇ બાબત ખરી નથી. તેમજ અન્ય બાબત કાયદાકીય પ્રોસીઝર છે. તેમજ અરજદારના જણાવ્યા મુજબની હકીકત ખરી નથી. ખરી હકીકતે અમોનો મળી આપેલ રેકર્ડ તપાસતા આ નામની વ્યક્તિ અમારા રેકર્ડ મુજબ ક્યારેય ફરજ બજાવેલ નથી. અમોએ અરજદારને નોકરીએ રાખેલ હોવાની અમારા રેકર્ડ મુજબ હકીકત ખરી નથી. જો અરજદાર ક્યા નંબરની ગાડી ચલાવતા હતા તેઓના સાહેબ કોણ હતા. વિગેરે બાબત જણાવે તો તપાસ કરી શકાય. બાકી આ નામની વ્યક્તિએ અમારે ત્યાં અમારા રેકર્ડ મુજબ ક્યારેય ફરજ બજાવેલ નથી. અમો સરકારનું એક અંગ છીએ.

અમારે ત્યાં નાણાની ચુકવણીનું બીલ બને છે અને પરચુરણ ખર્ચ પણ વાઉચર ઉપર ચુકવાય છે. આ કામના અરજદારે જો અમારે ત્યાં કામ કરેલ હોય તો તેના પગારના બીલ બનેલ હોય અથવા તો વાઉચર બનેલ હોય અને જે ગાડી ચલાવતા હોય તેની લોગબુક પણ બનેલ હોય, પરંતુ અરજદારના નામનું ક્યારેય બીલ, વાઉચર કે લોગબુક બનેલ જ નથી. આથી અરજદાર અમારે ત્યાં ફરજ બજાવેલ જ નથી તે સાબિત થાય છે.આ સાથે અરજદારના પારા નં.૧ થી ૬ ની હકિકતો ખરી નથી તેવું જણાવેલ છે. હકીકત ઉપર મુજબ હોય અમારા રેકર્ડ મુજબ અરજદારે અમારે ત્યાં ક્યારેય કામ કરેલ નથી. અમોએ ક્યારેય કામે રાખેલ નથી. આથી છુટા કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આથી અરજદારે પારા નં. ૭ માં ૧ થી ૪ માં માંગેલ દાદ ગેરકાયદેસર હોય, મળવાપાત્ર ન હોય ખર્ચ સહિત રદ કરવા હુકમ કરવા અરજ છે.

(૫) અરજદારે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-- મૌખિક પુરાવો --**

| ક્રમ | વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | અરજદાર શ્રી ધીરૂભાઈ કરશનભાઈ સોલંકીનું પુરાવારૂપી સોગંદનામું | ૧૨ |

**-- દસ્તાવેજી પુરાવો --**

| ક્રમ | વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | લોગબુકના લેઝરની ઝેરોક્ષ કોપી(પેજ – ૧) | ૨૦ |

| | | |
|---|---|---|
| ૨ | લોગબુકના લેઝરની ઝેરોક્ષ કોપી તા.૧/૬/૨૦૦૨ થી ૧૨/૩/૨૦૦૩ સુધી | ૨૧ |
| ૩ | લોગબુકના લેઝરની ઝેરોક્ષ કોપી તા. ૧/૯/૨૦૦૪ થી તા. ૩૦/૪/૨૦૦૬ સુધી | ૨૨ |
| ૪ | મામલતદાર પુરવઠા શાખાના ડીઝલના બીલ જેમાં અરજદારના નામનું સને ૨૦૦૩ થી ૨૦૦૪ | ૨૩ |
| ૫ | અરજદારનું આધારકાર્ડ ની ઝેરોક્ષ | ૨૪ |
| ૬ | અરજદારના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ | ૨૫ |
| ૭ | અરજદાર તરફે પુરાવો પુરો થયાની પુરસીસ | ૧૫ |

(૬) સદર કામે સામાવાળા તરફે કોઇ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. આંક – ૧૬ થી અરજદારની સામાવાળાનો પુરાવાનો હક્ક બંધ કરવા અરજી રજુ થયેલી જેના પર મારા વિદ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ હુકમ કરી સામાવાળાનો પુરાવો રજુ કરવાનો હક્ક બંધ કરેલ છે. તેમ છતા ત્યારબાદ પણ સામાવાળા તરફે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૭) આ કેસનું રેકર્ડ ધ્યાને લેતા અરજદાર તરફે આંક-૪ થી માંગણી નિવેદન રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક - ૯ થી પ્રોડકશન અરજી રજુ કરેલ છે જેનો સામાવાળાએ આંક - ૧૦ થી જવાબ આપેલ છે. ત્યારબાદ અરજદાર તરફે જુબાનીનું સોગંદનામુ આંક - ૧૨ થી રજુ થયેલ છે. અરજદારે આંક- ૧૫ થી કલોસીંગ પુરસીસ રજુ કરેલ છે. સદર કામે અરજદાર તરફે તેમના વિ.વ.શ્રી દ્વારા મૌખિક દલીલ કરેલ છે. જેમાં તેમણે રજુ કરેલ માંગણી નિવેદન મુજબની દલીલ કરી રેફરન્સ મંજુર કરી અરજદારને પડેલા દિવસોના પુરા પગાર તથા અન્ય

તમામ આનુષંગિક લાભો સાથે મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા અરજ કરેલ છે.

સદર કામે સામાવાળા તરફે વિ.એજીપીશ્રીએ મૌખિક દલીલ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, અરજદાર ૧૯૯૯ માં ડ્રાઇવર તરીકે કઇ સંસ્થામાં કામ કરેલ છે તેનો ઉલ્લેખ કરેલ નથી.આંક - ૮ થી જે જવાબ રજુ કરેલ છે તે મુજબ દલીલ કરેલ છે, એપ્રોચ લેટર આપેલ હોય તે અરજદારે સાબિત કરવાનો હોય છે લોગબુક કે એન્ટ્રીમાં અરજદારનું નામ નથી. અરજદારે પોતાનો કેસ પુરવાર કરવો જોઇએ આમ અરજદાર પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોય અરજદારનો રેફરન્સ નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૮) આ કેસનું રેકર્ડ તથા રજુ થયેલ પુરાવો અને પ્લીડીંગ ધ્યાને લેતા હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે જે સંબંધીત મુદ્દા ઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું અરજદાર સાબિત કરે છે કે, અરજદાર ધીરૂભાઈ કરશનભાઈ સોલંકી, માલપરા, તા.પાલીતાણા, જી.ભાવનગરને નોકરીમાંથી છુટા કર્યા તા. ૧/૯/૨૦૦૭ થી પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

૨. શું હુકમ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>–::નિર્ણયો::–</u>**

૧. અંશતઃ હકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: કારણો ::–</u>**

(૧૦) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**૧૦.૧ <u>મુદ્દા નં.૧ અને ૨</u>**

સદર કામે ઉપરોક્ત મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય તેનો નિર્ણય એક સાથે કરવામાં આવે છે.સદર કામે આંક – ૧૨ થી અરજદારનું પુરાવારૂપી સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓએ પોતાના રજુ કરેલા માંગણા નિવેદનને સમર્થન કરેલ છે. જેની ઉલટતપાસ સામાવાળા તરફેના વિધ્વાન એજીપીશ્રી દ્વારા લેવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, "હું અભણ છું.મને સહી કરતા આવડતી નથી. હું લખાણ લેવું હોય કે સોગંદનામું રજુ કરવું હોય ત્યારે હું અંગુઠો મારૂ છું. આજદિન સુધી મે ક્યાંય સહી કરેલ નથી. હવે હું કહું છું કે મને મારૂ નામ લખતા આવડે છે જે હું લખું છું. એને સહી કહેવાય એની મને ખબર નથી. મને આંક – ૧૨ નું સોગંદનામું બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. અને આંક – ૪ બતાવવામાં આવે છે.જે માંગણા નિવેદનમાં મારી સહી છે. મારી હાલ ઉંમર ૪૫ વર્ષની છે. હુ લાયસન્સ ધરાવું છુ જે રજુ કરીશ તેમજ આધારકાર્ડ પણ આવતી મુદતે રજુ કરીશ. મે નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન, પાલીતાણા ખાતે એક પણ દિવસ કામ કર્યુ હોય તે

બતાવતો આધાર આ કામે લોગબુક રજુ કરેલ છે અને ડિઝલના બીલો રજુ કરેલ છે તે છે. લોકબુકમાં મને લખતા આવડતું ન હોય જેથી હું બીજા પાસે લખાવતો અને આ લોકબુકમાં હું માત્ર સહી કરતો. જેને લખતા આવડતું હોય તે તેમાં લોકબુકમાં ડ્રાઈવરો જ બધી વિગતો ભરે. લોકબુકમાં જે ગાડીમાં જે કોઈ સાહેબ જાય તેમાં લોકબુકમાં તેમની સહી હોય. હું ડમ્પર કે જેનો વાહન નં. ૫૧૫૪ હતો જેનો મને આખો આગળની સીરીઝ નંબરની ખબર નથી. મને કોઈએ લેખિત હુકમ આપેલ હોય તેવું બનેલ નથી. મને એસ.ઓ. વાઘાણી સાહેબે રાખેલા. અવાર નવાર તેમની સાથે અમે જતા હતા એટલે અમોને કામે રાખેલા. મને એ વાતની ખબર નથી કે વાઘાણી સાહેબને મને કામે રાખવાની સત્તા છે કે નહીં. તે વાતની મને ખબર નથી કે તા. ૪/૧/૨૦૦૦ થી સરકારના પરિપત્રથી રોજમદાર રાખવાની પ્રથા બંધ થયેલ છે. મને સામાવાળાએ એકપણ દિવસનો પગાર ચુકવેલ હોય તેવો કોઈ આધાર મારી પાસે નથી. આ કામે સામાવાળાએ રજુ કરેલ આંક -૮નો જવાબ મે વાંચેલ નથી. મારા કહેવા મુજબ મને છુટો કરતા સમયે મારાથી જુનિયર કામદાર ચાલુ હોય અને નવાને કામે લીધા હોય તે દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર મે આ કામે રજુ કરેલ નથી. હું સંસ્થામાં દાખલ થયા તારીખથી છુટો થયા તારીખ સુધી સતત અને સળંગ નોકરી કરેલ છે તે દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી. મે સંસ્થામાં કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોય તે દર્શાવતો કોઈપણ આધાર મે આ કામે રજુ કરેલ નથી. મે ઓવર ટાઈમ કામગીરી કરેલ હોય તે દર્શાવતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. હાલમાં હું માલપરા ગામે રહું છું અને હાલ હું કાંઇ કરતો નથી. મારે ઘરખર્ચ માસિક રૂ.૪૦૦૦/- રૂ.૫૦૦૦/- જેટલો છે. મારે ૧ દિકરો તથા ૧ દિકરી છે. જેમાં

દિકરી ૯ વર્ષની અને દિકરો ૭ વર્ષનો છે. હું ક્યાંય ડ્રાઈવીંગ કરવા જતો નથી. એ વાત ખરી છે કે હું પહેલા જેવું ડ્રાઈવીંગ કરી શકું નહીં. આ જે ઘરનો ખર્ચ આવે તે પુરૂ કરવાની જવાબદારી મારી હોય પરંતુ હું પુરૂ કરી શકતો નથી".

સદર કામે અરજદારની ઉલટતપાસ જોવામાં આવે તો અરજદારે ઉલટતપાસમાં તેઓની પાસે ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવા બાબતે કોઇ લેખિત આધાર નથી તેવું જણાવેલ છે. અરજદારે ડમ્પર જેનો વાહન નં.૫૧૫૪ હતો તે બાબતે ઉલટતપાસમાં જણાવેલ છે. લોગબુકમાં ડ્રાઈવર બધી વિગતો ભરે અને લોગબુકમાં જે ગાડીમાં જે સાહેબ લઇ જાય તેમાં તેમની સહી છે. તે મુજબ જણાવેલ છે. ઉલટતપાસમાં સામાવાળા દ્વારા કોઇ વિરૂધ્ધની હકીકત લાવી શકેલા નથી. આ કામે સામાવાળા તરફે કોઈ સોગંદ પર પુરાવો કે સોગંદનામું તેમના જવાબને સમર્થન કરતું રજુ કરવામાં આવેલ નથી જેથી સામાવાળાનો પુરાવાનો હક્ક આંક – ૧૬ થી બંધ કરવામાં આવેલ છે. તેમ છતા ત્યારબાદ પણ સામાવાળા તરફે કોઈ પુરાવો કે સોગંદનામું રજુ કરેલ નથી. આ કામે સામાવાળા તરફે આંક–૨૦, ૨૧ તથા ૨૩ થી અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા સામે કોઇ વિરૂધ્ધનું સોગંદનામું કે પુરાવો રજુ કરેલ નથી. આ કામે સામાવાળાને આંક –૯ થી પ્રોડક્શન અરજી લગત હુકમ થયેલ હોવા છતાં સામાવાળા તરફે પ્રોડક્શન અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી આધારો રજુ કરેલા નથી કે દસ્તાવેજો ન મળવા બાબતે કોઈ સોગંદનામું રજુ કરેલ નથી. આમ, રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો જોતાં અરજદારને કોઈપણ જાતની નોટીસ પગાર કે છટણી વળતર ચુકવ્યા સિવાય છુટા કરવામાં આવેલ હોવાનું રેકર્ડ પરથી પુરવાર થાય છે.આ કામે અરજદારે ઉલટતપાસમાં તેમનાથી જુનિયર કામદાર ચાલુ હોય અને નવાને કામે લીધા હોય તે દર્શાવતો કોઇ

આધાર રજુ કરેલ નથી તેવું સ્વીકારેલ છે. જેથી કલમ ૨૫(જી) અને કલમ ૨૫(એચ)નો ભંગ રેકર્ડ પરના પુરાવા પરથી પુરવાર કરી શકેલ નથી. આ કામે સામાવાળા તરફે જવાબ સિવાય કોઈ સોગંદનામું કે દસ્તાવેજી આધાર કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી. સેકન્ડ ફાઇલ જોવામાં આવે તો સેકન્ડ ફાઇલમાં ડિમાન્ડ નોટીસમાં અરજદારે સામાવાળાને આપેલ છે. જેની સામે સામાવાળાએ કોઈ જવાબ આપેલ હોય તેવું પણ રેકર્ડ પરથી જણાતું નથી. આમ રજુ થયેલ રેકર્ડ પરથી અરજદારે સને ૧૯૯૯ થી ૨૦૦૭ સુધી કામ કરેલાનું રેકર્ડ પરથી પુરવાર થાય છે.

(૧૧) આ કામે કેસનું રેકર્ડ જોવામાં આવે તો સામાવાળાને પુરતી તક આપવા છતા સામાવાળા તરફે કોઈ પુરાવો કે દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નથી. જેથી કેસના રેકર્ડના આધારે અરજદારની સરતપાસ અને ઉલટતપાસ ધ્યાને લેતા અરજદારે તેઓની પાસે કોઈ લેખિત આધાર નહિ હોવા બાબતે રજુઆત કરેલ છે અને સામાવાળા પાસેથી આંક – ૯ ની અરજીમાં જણાવેલા અરજદારને દાખલ તારીખ થી છુટા કર્યા તારીખ સુધીના હાજરીપત્રક પગારપત્રક, વાઉચર્સ, ૧૯૯૯ થી ૨૦૦૭ સુધીના પાલિતાણા ગામ મુકામેના કામદારને ચુકવેલ પગારના ચુકવેલ માસે માસના આધારો દસ્તાવેજો માંગેલા છે જે સામાવાળાને જાણ હોવા છતાં સદર દસ્તાવેજો રજુ કરેલ નથી કે રજુ કરવા બાબત કોઈ સોગંદનામુ રજુ કરેલ નથી. આ કામે ઉપરોક્ત સંજોગોમાં નામદાર સુપ્રીમ કોર્ટનું સાઇટેશન R.M. Yellatti vs The Asst. Executive Engineer ધ્યાને લેતા તેમા નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

"Analyzing the above decisions of this court, it is clear that the

provisions of the Evidence Act interms do not apply to the proceedings under section 10 of the Industrial Disputes Act. However,applying general principles and on reading the aforestated judgments, we find that this court has repeatedly taken the view that the burden of proof is on the claimant to show that he had worked for 240 days in a given year. This burden is discharged only upon the workman stepping in the witnessbox. This burden is discharged upon the workman adducing cogent evidence, both oral and documentary. In cases of termination of services of daily waged earner, there will be no letter ofappointment or termination. There will also be no receipt or proof of payment. Thus in most cases,the workman (claimant) can only call upon the employer to produce before the court the nominalmuster roll for the given period, the letter of appointment or termination, if any, the wage register,the attendance register etc. Drawing of adverse inference ultimately would depend thereafter on facts of each case. The above decisions however make it clear that mere affidavits or self-serving statements made by the claimant/workman will not suffice in the matter of discharge of the burden placed by law on the workman to prove that he had worked for 240 days in a given year. The above judgments further lay down that mere non-production of muster rolls per se without any plea of suppression by the claimant workman will not be the ground for the tribunal to draw an adverse inference against the management. Lastly, the above judgments lay down the basic principle, namely, that the High Court under Article 226 of the Constitution will not interfere with the concurrent findings of fact recorded by the labour court unless they are perverse. This exercise will depend upon facts of each case."

સદર કામે ઉપરોક્ત ચુકાદો વંચાણે લેતા તથા હાલના કેસની હકીકતો જોતાં અરજદારે તેમના માંગણા નિવેદનમાં તથા સોગંદનામામાં તેઓ સામાવાળાની સંસ્થામાં સને ૧૯૯૯ થી ૨૦૦૭ સુધી ડ્રાઇવર તરીકે ફરજ બજાવેલ હોવાનું તથા તેઓનો માસિક પગાર છેલ્લે ૨૦૦૦/- હતો તે જણાવેલ છે. સામાવાળાને હાજરીપત્રક, પગારપત્રક રજુ કરવા આંક - ૯ થી પ્રોડક્શન અરજી રજુ કરવામાં આવેલ છે. જેમાં હુકમ થયેલ હોવા છતા સામાવાળાએ કોઇ પુરાવો કે દસ્તાવેજો કે સોગંદનામામાં દસ્તાવેજો ન રજુ કરવા બાબતે રજુ કરેલ નથી. જેથી અરજદારે સામાવાળાઓને ત્યાં સળંગ સને ૧૯૯૯ થી ૨૦૦૭ સુધી  ડ્રાઇવર તરીકે નોકરી કરેલ હોવાનું રજુ થયેલ રેકર્ડ પરથી પ્રસ્થાપિત થાય છે.

(૧૨) આ કામે સામાવાળા તરફે અરજદારે ૨૪૦ થી ઓછા દિવસ કામ કરેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે પ્રોડક્શન અરજીના હુકમ સામે કોઇ સોગંદનામું કરેલ નથી કે સરતપાસનું સોગંદનામું રજુ કરેલ નથી. ઉપરોક્ત સંજોગોમાં અરજદારની છટણી કરેલ હોવાનું તથા તેના ઉપર કોઇ વળતર ચુકવેલ હોવાનું રેકર્ડ રજુ કરેલ નથી.જેથી કલમ ૨૫(એફ) નો ભંગ થયેલ હોવાનું દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે. આ કામે અરજદારે તેમના સોગંદનામામાં કલમ ૨૫(જી)(એચ)નો ભંગ કરવા બાબતે ઉલટતપાસમાં સચોટ પુરવાર થાય તેવી હકીકતને સમર્થન કરેલ નથી. આમ, રજુ થયેલ રેકર્ડ પરથી અરજદારે કલમ ૨૫(એફ)નો ભંગ કરેલ હોવાનું રેકર્ડ પરથી પ્રસ્થાપિત થાય છે.

(૧૩) આ કામે અરજદારે રેફરન્સ ૨૦૦૮ માં કરેલ છે. જેમાં તેઓ સામાવાળામાં સાત

વર્ષથી વધુ ફરજ બજાવેલ છે. તે બાબતે સામાવાળા તરફે કોઇ વિરૂધ્ધનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. હાલના કેસના સંજોગો અને પરિસ્થિતી ધ્યાને લેતા તથા પડેલ પુરાવો ધ્યાને લેતા કલમ ૨૫(એફ)ના ભંગ થયેલ હોવાનું તથા અરજદાર કોઇ કાયમી કર્મચારી ન હતા જેથી હાલના કેસના સંજોગો જોતાં અરજદારનો કામનો પ્રકાર તથા અરજદારે બજાવેલ ફરજ તે ધ્યાને લેતા નામદાર સુપ્રિમકોર્ટનો ચુકાદો ભારત સંચાર નિગમ લિમીટેડ તથા ભુરૂમલ રીપોર્ટેડ ઇન ૨૦૧૪, ૭ એસ.સી.સી. પેજ નં. ૧૭૭ જેમાં નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

*" 33. It is clear from the reading of the aforesaid judgments that the ordinary principle of grant of reinstatement with full back wages, when the termination is found to be illegal is not applied mechanically in all cases. While that may be a position where services of a regular/permanent workman are terminated illegally and/or mala fide and/or by way of victimisation, unfair labour practice, etc. However, when it comes to the case of termination of a daily-wage daily wage worker and where the termination is found illegal because of a procedural defect, namely, in violation of Section 25-F of the Industrial Disputes Act, this Court is consistent in taking the view that in such cases reinstatement with back wages is not automatic and instead the workman should be given monetary compensation which will meet the ends of justice. Rationale for shifting in this direction is obvious."*

(૧૪) આ કામે હાલનો રેફરન્સ અરજદારને પુનઃસ્થાપિત કરવા બાબતે કરેલ છે. હાલના કેસના સંજોગો જોતા અરજદારને તા. ૦૧/૯/૨૦૦૭ ના રોજ છુટા કરેલા છે. અરજદારે મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ ફરીયાદ તા.૨૧/૧/૨૦૦૮ ના રોજ કરેલ છે. ડિમાન્ડ નોટીસ તા. ૨૩/૧૦/૨૦૦૭ ના રોજ આપેલ છે. માંગણાનું નિવેદન તા. ૩૦/૪/૨૦૦૮ ના રોજ રજુ કરેલ છે. માંગણાના નિવેદનનો જવાબ

સામાવાળાએ તા. ૦૬/૨/૨૦૧૬ ના રોજ રજુ કરેલ છે. અરજદારે સોગંદનામું તા. ૦૪/૮/૨૦૧૬ ના રોજ રજુ કરેલ છે. રજુ થયેલ રેકર્ડ જોતાં સામાવાળાનાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ) નું પાલન કરેલ હોય તેવો કોઇ આધાર કે દસ્તાવેજો રજુ કરેલ નથી. સદર કામે અરજદારે સાત વર્ષ થી વધુ સમય કામ કરેલ છે તે સંજોગો ધ્યાને લીધા. આ કામે અરજદાર રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા તથા હાલમાં રેકર્ડ પરથી કલમ ૨૫(એફ) નો ભંગ થયેલ હોવાનું પ્રસ્થાપિત થયેલ છે. આમ, કેસનું રેકર્ડ તથા નામદાર સુપ્રીમ કોર્ટના **ભારત સંચાર નિગમ લિમીટેડ તથા ભુરૂમલ રીપોર્ટેડ ઇન ૨૦૧૪, ૭ એસ.સી.સી. પેજ નં. ૧૭૭** ના ચુકાદાના પેરા ૩૩ માં કરેલ અવલોકન જોતા અરજદારને પુનઃસ્થાપિત કરવાને બદલે ઉચ્ચક વળતર ચુકવવામાં આવે તે હાલના કેસના સંજોગો અને પરિસ્થિતિ જોતા ન્યાયી જણાય છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો લક્ષમાં લેતા બીજા પક્ષકારને તેના પડેલા દિવસોના પગાર અને આનુષાંગિક લાભો અને પુનઃસ્થાપનની દાદ પેટે ઉચ્ચક વળતર તરીકે રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા) ચુકવી આપવાનો આથી સામાવાળાઓની વિરૂધ્ધ હુકમ કરવામાં આવે તે ન્યાયી અને વ્યાજબી ગણાશે જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય અંશતઃ હકારમાં આપી મુદ્દા નં. ૨ લગત ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

(૧) રેફરન્સ(એલ.સી.બી.) કેસ નં.૩૮/૨૦૦૮ આથી અંશતઃ મંજુર કરવામાં

આવે છે. બીજા પક્ષકાર ધીરૂભાઈ કરશનભાઈ સોલંકીને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સામાવાળાઓનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું ઠરાવવામાં આવે છે અને તે રદ કરવામાં આવે છે.

(૨) આથી પ્રથમ પક્ષકાર સામાવાળાઓ સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિધ્ધ થયાના દિન –30 માં તેઓએ આ કામના બીજા પક્ષકાર ધીરૂભાઈ કરશનભાઈ સોલંકીને તેઓના પડેલા દિવસો ના પગાર અને આનુષાંગિક લાભો તેમજ પુનઃસ્થાપનની દાદ પેટે ઉચ્ચક વળતર તરીકે રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ રેફરન્સના ખર્ચ પેટે રૂા. ૫,૦૦૧/– બીજા પક્ષકારને અલગથી સામાવાળાઓએ ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આ એવોર્ડ પ્રસિધ્ધિ અર્થે લેબર કમિશ્નરશ્રી, ભાવનગરને મોકલી આપવો.

---------------

સ્થળ : ભાવનગર
તારીખ : ૨૧ / ૧ / ૨૦૨૫

(નિતીનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટ)
પ્રમુખ અધિકારી(એસ.ડી.)
શ્રમ અદાલત નં.–૨,ભાવનગર
જીજે – ૦૧૧૭૦